


# આઈગ્રીપ - આઈઆઈટી ગાંધીનગરે જિઓસ્ટ્રક્ચર્સ પર વેબિનાર સીરીઝ શરૂ કરી

## વેબિનારમાં દેશભરમાંથી લગભગ ૩૦૦ જેટલા વ્યાવસાયિકોએ ભાગ લીધો









ગાંધીનગર, તા.૨૮
ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર) માં ઈનિશિએટિવ ફોર જિયોટેકનિકલ રિસર્ચ એન્ડ ઈનોવેટિવ પ્રેક્ટિસ (આઈગ્રિપ)એ જિઓસ્ટ્રક્ચર્સ પર એક વેબિનાર સીરીઝ શરૂ કરી છે. વેબિનાર સીરીઝ ૨૭ એપ્રિલ, ૨૦૨૦થી શરૂ થતાં સિવિલ એન્જિનિયરિંગના વિશ્વ નિષ્ણાતો સાથે સાપ્તાહિક ધોરણે યોજાશે.

અમેરિકાના એરિઝોના સ્થિત એનસીએસ જિઓ રિસોર્સિસ, એલએલસીના પ્રમુખ ડૉ. નરેશ સી સમતાની દ્વારા આજે "ઈનોવેટિવ ફ્લેક્સિબલ ટુ-સ્ટેજ ફેસિંગ એમએસઈ વોલ સોલ્યુશન ટુ એડ્રેસ સોફ્ટ ગ્રાઉન્ડ એન્ડ લેન્ડ સબસિડન્સ જિઓહઝાર્ડ્સ" શીર્ષક સાથેનું શ્રેણીનું પ્રથમ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. શ્રી સમતાનીએ યુ.એસ.એ.ના ઘણા ભાગોમાં મોટી પરિવહન સુવિધાઓ પર કામ કર્યું છે જેમાં સેંકડો પુલ અને જાળવણી દિવાલો, અનેક જમીન-સુધારણા પ્રોજેક્ટ્સ અને સેંકડો લેન માઈલ પેવમેન્ટ્સનો સમાવેશ થાય છે. આજના વેબિનર દરમિયાન, તેમણે મિકેનિકલી સ્ટેબિલાઈઝ્ડ અર્થ (MSE) સ્ટ્રક્ચર્સ, તેમની સુગમતા અને નબળી સબસોઈલ ફાઉન્ડેશન પરિસ્થિતિઓને કારણે વિકૃતિને સહન કરવાની ક્ષમતા વિશે તથા 'સામાન્ય' એમએસઈ સ્ટ્રક્ચર્સ દ્વારા પ્રદાન કરેલા કરતા ભૂસ્તર શાસ્ત્રીય પરિસ્થિતિઓને વધુ લવચીકતાની આવશ્યકતા હોય તેવી પરિસ્થિતિઓ અંગે વાત કરી. તેમના પ્રેઝન્ટેશન દરમિયાન સમતાનીએ નવીન, લવચીક બે-તબક્કાની એમએસઈ વોલ સોલ્યુશનની ચર્ચા કરી હતી જેનો ઉપયોગ એરિઝોનાના ટક્સન નજીકના પ્રોજેક્ટમાં નરમ જમીન અને જમીનના જિયોઝાર્ડ્સને ઉકેલવા માટે કરવામાં આવ્યો હતો.

વેબિનારે અનુભવોની આપ-લે અને નિષ્ણાતો પાસેથી શીખવા માટેનું મંચ પ્રદાન કર્યું છે. દેશભરમાંથી આજના વેબિનારમાં લગભગ ૩૦૦ જેટલા વ્યાવસાયિકોએ ભાગ લીધો હતો.

# અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી, ગાંધીનગર દ્વારા ઈ-એલ્યુમની મીટ-૨૦૨૦ 'ચાય પે ચર્ચા'નું આયોજન




ગાંધીનગર, તા.૨૮
અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી અને બાયો રિસર્ચ ઈન્સ્ટિટયૂટ દ્વારા ૨૬/૪/૨૦૨૦ રવિવારના રોજ ઈ-એલ્યુમની મીટ ૨૦૨૦-'ચાય પે ચર્ચા' નું આયોજન કરવામાં આવ્યું હતું. Covid-19 crisis, ના આ લોકડાઉન સમય માં આ ઓનલાઈન 'ઈ-એલ્યુમની મીટ' નો ઉદ્દેશ્ય સંસ્થાના ભારતભર માં તથા વિદેશમાં વસતાં અરિહંત ફાર્મસી કોલેજ ના ભુતપુર્વ વિદ્યાર્થીઓ ને મળી, તેમની સાથે વિમર્શ કરી તેમની પ્રગતિ વિષેની માહિતી લઈ અને સંસ્થા નો વધુ વિકાસ કેવી રીતે કરવો તેના વિષે ચર્ચા કરવાનો હતો.

સંવાદની શરુઆત, તમામ વિદ્યાર્થીઓનું સ્વાગત થી મોના કૌશલ દ્વારા કરવામાં આવી. જેમાં ૭૦થી વધારે દેશ-વિદેશના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ત્યારબાદ પ્રિન્સિપલ ડો. રાગીન શાહ દ્વારા કાર્યસૂચિ પ્રમાણે વિવિધ મુદ્દા ઉપર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ઈન્સ્ટિટયૂટના મિશન અને વિઝન કેવી રીતે સિદ્ધ કરવા અને વિદ્યાર્થી પાસેથી તેના વિશે સૂચનો પણ લીધા હતા.

આ ઈ-એલ્યુમની મીટ-'ચાય પે ચર્ચા' નો બીજો ઉદ્દેશ ઉદ્યોગ અને શૈક્ષણિક સંસ્થા વચ્ચેનો અંતર કેવી રીતે ઘટાડવો તેની રુપરેખા નક્કી કરવાનો પણ હતો.

તમામ ભાગ લીધેલ વિદ્યાર્થીઓ એ એમના વિચારો વ્યક્ત કર્યા હતા જેમાં મુખ્યત્વે સોફ્ટ સ્કીલ ડેવલોપમેન્ટ, ઈન્ટર્નશીપ અને પ્રેક્ટિકલ નોલેજ ઉપર વધારે ભાર આપવાની વાત થઈ અને કોલેજ માં તે કેવી રીતે શક્ય બને તેની વિગત વાર ચર્ચાની સાથે તેને શક્ય બનાવવાની રણનીતિ પણ તૈયાર કરી.

તદુપરાંત હાલમાં ચાલી રહ્યા કોવિડ-૧૯ વિશે ઈન્સ્ટિટ્યૂટ ના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા દુરદર્શન, અમદાવાદના આસિસ્ટંટ ડાયરેક્ટ શ્રી ઉત્સવ પરમારએ ચર્ચા કરી હતી અને ડૉ. રાગિન શાહ, પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ કેવી રીતે સોશિયલ ડિસ્ટન્સ રાખી આપણે ફાર્માસિસ્ટ તરીકે સામાન્ય જનતા ને મેડિકલ ની સાદી પરિભાષા માં સમજાવી લોકોને મદદગાર બની શકીયે તે વિશે ચર્ચા કરી હતી.

અંતમાં સંસ્થાના ઉપ પ્રિન્સિપાલ ડો. દિવ્યકાંત પટેલે આભારવિધિ વ્યક્ત કરતા તમામ ભુતપુર્વ વિદ્યાર્થીઓ, ફેકલ્ટી અને મેનેજમેન્ટ નો આભાર માન્યો હતો.

# શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજનાની બહનો કોરોના વોરિયર તરીકે ફરજ બજાવે છે

ગાંધીનગર, તા.૨૮
શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખા, ગૂજરાત વિધાપીઠ, સાદરાના વિધાર્થીઓ કોરોના વાયરસની સામે અવિરત જાગરૂકતા અભિયાન ચલાવી રહ્યા છે જેમાં વિશેષ બહનો વિધાર્થીઓ પણ ખૂબજ સંવેદનશીલ અને લાગણીશીલ બની પોતાના ગામોમાં માસ્ક બનાવી અને સેનેટાઈશર અને અન્ય દવાઓનું વિતરણની પ્રવૃત્તિઓ કરી રહી છે તેમની સાથે સ્વાસ્થ્ય કેન્દ્રની આશા વર્કર અને આંગણવાડીની બહનો પણ તેમને સલાહ સુચન આપી કેવી રીતે લોક ડાઉનના નિયમોનું પાલન કરી આપણે ગરીબ અને મજદૂર વર્ગના લોકોની સહાય કરી શકીએ તેના માર્ગદર્શન પણ આપી રહી છે પૂજ્ય બાપુ દ્વારા સ્થાપિત ગૂજરાત વિધાપીઠના વિધાર્થીઓ હરહમેશ સમાજના પછાત અને ગરીબ વર્ગની સહાય કરવા માટે તત્પર હોય છે અને પોતાના અભ્યાસમાંથી સમય કાઢી સમાજ અને શાળાના બાળકો માટે વિવિધ પ્રકારની સમાજ ઉત્થાનની પ્રવૃત્તિઓ નિયમિત કરાવે છે જેમાં વિશેષ રીતે રાષ્ટ્રીય સેવા યોજનાની સ્વયમ સેવક જીનાલી મોતા તેના કચ્છમાં સ્થિત ગામમાં કોરોના વાયરસની સામેની લડાઈમાં એક વોરિયર તરીકે પોતાના ગામની સ્વાસ્થ્ય કેન્દ્રની આશા વર્કર અને આંગણવાડીની બહનો સાથે માસ્ક વિતરણ, સોશલ ડિસ્ટન્સ, દવા વિતરણ, સેનીટાઈશર વિતરણ અને રોગ પ્રતિકારક ક્ષમતા વધારવા માટે યોગ, પ્રાણાયામ અને ધ્યાન કરવા માટે લોકોને માર્ગદર્શન આપી રહી છે વિશેષમાં આ વિધાર્થી બહનો જીનાલી મોતા અને હસ્તી વેગડ હાલમાં જ્યારે ગૂજરાત વિધાપીઠની શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખામાં ભણતી હતી ત્યારે પણ પોતાની સંસ્થામાં અને ગામમાં પ્રોઢશિક્ષણના વર્ગો પણ નિયમિત ચલાવતી હતી.



ગૂજરાત વિધાપીઠની શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયમ સેવકો નિયમિત સમાજના પછાત અને ગામડાના ગરીબ લોકો માટે સેવાના કામ કરતા હોય છે શારીરિક શિક્ષણ અને યોગની તાલીમ લઈ રહેલા આ યુવાનો ગામના લોકોને તેમની રોગ પ્રતિકારક ક્ષમતા વધારવા માટે યોગ, પ્રાણાયામ અને ધ્યાન કરવા માટે પ્રેરિત કરી રહ્યા છે વિશેષમાં કોરોના વોરિયર તરીકે જીનાલી મોતા, કરણ રાઠોડ, જસ્મીન ઠાકોર, કીર્તિ ચૌધરી , હસ્તી વેગડ અને નીતા પરમાર સ્વયમ સેવક પોતાના ગામમાં લગાતાર ભારત સરકાર દ્વારા આપેલી લોક ડાઉનની ગાઈડ લાઈન પ્રમાણે કોરોના વાયરસની લડાઈમાં પોતાના સક્રિય યોગદાન આપી રહ્યા છે અને બહુ જરૂરી કામ સિવાય બાહરના નીકળવા માટે લોકોને સમજાવી રહ્યા છે તેમની આ સમાજલક્ષી કામગીરી માટે કુલનાયકશ્રી ડો. અનામીકભાઈ શાહ , કાર્યકારી કુલસચિવશ્રી ડો. ભરતભાઈ જોશી, માનદ નિયામકશ્રી ડો. રાજેન્દ્ર ભાઈ ખીમાણી, ડીન ડો. પ્રભુલાલ કાસુન્દ્રા અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ યોગ્ય માર્ગદર્શન આપી રહ્યા છે

# બિલેશ્વરપુરા પ્રાથમિક શાળાના બાળકોને આનંદ સાથે શિક્ષણ કાર્ય કરાવતા શિક્ષિકાબેન

ગાંધીનગર, તા.૨૮
ગાંધીનગર જિલ્લાની કલોલ તાલુકાની બિલેશ્વર પુરા પ્રાથમિક શાળાના બેન મિત્તલ બેન સુમન ચંદ્ર પંડ્યા એ લોકડાઉનની પરિસ્થિતિમાં શાળાના બાળકોને કોરોનાથી ડરવાનું નહિ પણ બહાર ના નીકળવા અને સાબુથી હાથ ધોવાની સાવચેતી રાખવા સૂચન કર્યું. આમ,રોજેરોજ બાળકોને ફોન કરી હળવાશમાં રાખે છે. જી સી ઈ આર ટી દ્વારા આપવામાં આવેલ સાહિત્ય અને પ્રવૃત્તિઓ પણ બાળકોને ગ્રુપ બનાવી મોકલી આપી શિક્ષણ કાર્ય પણ કરાવ્યું.



બાળકો રોજ આપેલ ગૃહકાર્ય કરે છે કે કેમ? તબિયત કેમ છે? વગેરે વિશે બાળક તેમજ તેમના વાલી સાથે વાતચીત કરવામાં આવે છે.

બાળકોને શિક્ષિકાબેન પોતાના અવાજમાં વાર્તા કહેતા વિડિયો મૂકીને પણ આનંદ આપે છે.આ કાર્યથી બહેનશ્રી ને પણ આનંદ આવે છે: અને બાળકો પણ સ્વ ની રીતે કાર્ય કરવાનો આનંદ મેળવી રહ્યા છે. એક બાળક વિશાલ ભરતભાઈ પ્રજાપતિએ ઘરે સેનેટાઈજર બનાવ્યું હતું અને કોરોનાનો સંદેશ આપ્યો હતો બસ, આ, જ બહેનના રોજેરોજના કાર્યની ફલશ્રુતિ બહેનશ્રી ને પણ ખૂબ સંતોષ થયો છે.

### પુરી ફાઉન્ડેશન તથા ઇન્સ્ટિટ્યૂટ એડવાન્સ્ડ રિસર્ચ દ્વારા

# કોરોના-કોવિડ ૧૯ મહામારી માટે PM Care Fundમાં રૂ. ૧ કરોડથી વધારેનું દાન

ગાંધીનગર, તા.૨૮
યુ.કે સ્થિત Purico group જેના ઓનર શ્રી. નથુરામ પુરી એક ભારતીય છે અને જે પુરી ફાઊન્ડેશનના ફાઉન્ડર છે જે ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ એડવાન્સ્ડ રિસર્ચના ટ્રસ્ટી પણ છે. તેમણે કોરોના મહામારી સામે લડવા પી.એમ. કેર ફંડમાં રૂ. ૧ કરોડનુ દાન કરેલ છે. તે સાથે ઈન્સ્ટિટ્યૂટ એડવાન્સ્ડ રિસર્ચના સ્ટાફ દ્વારા તેમની એક દિવસની સેલેરી અંદાજે રૂ. ૧ લાખ સામે બીજા ૧ લાખ રૂ. પુરી ફાઉન્ડેશન દ્વારા CM care Fund એમ કુલ રૂ. ૧ કરોડ ૨ લાખ રૂપિયાનુ દાન ઈન્સ્ટિટ્યૂટ એડવાન્સ્ડ રિસર્ચ તથા પુરી ફાઊન્ડેશન દ્વારા કરવામાં આવ્યુ છે.

ઈન્સ્ટિટ્યૂટ એડવાન્સ્ડ રિસર્ચ (IAR) એ નવીન આધુનિક યુનિવર્સિટી છે, જે વ્યવસાયિક રીતે કેન્દ્રિત અંડરગ્રેજ્યુએટ, અનુસ્નાતક અને સંશોધન ડિગ્રી પ્રોગ્રામ્સ પ્રદાન કરે છે. આઈઆઈઆરની સ્થાપના ૨૦૦૬ માં ભારતના રાષ્ટ્રપતિ શ્રી એ પી જે અબ્દુલ કલામ, સંસ્થાના ઉદ્ઘાટન કરનાર અને વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી, જે તે સમયે ગુજરાતના મુખ્ય પ્રધાન હતા તેના ટેકાથી કરવામાં આવી હતી.

યુનિવર્સિટીને ભારતની પુરી ફાઉન્ડેશન ફોર એજ્યુકેશન દ્વારા આર્થિક સહાય આપવામાં આવે છે, જેની સ્થાપના પ્રોફેસર નાથુ રામ પુરીએ કરી છે, જે યુકેમાં અગ્રણી ઉદ્યોગપતિ છે જે વિશ્વભરમાં મેન્યુફેક્ચરિંગ અને અન્ય વ્યવસાયો સાથે યુકેમાં છે. યુનિવર્સિટી એ નફાકારક નથી અને તેનો એકમાત્ર હેતુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે યુવા લોકો માટે વિશ્વની અગ્રણી શિક્ષણ, સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવાનો છે.

# 'કાવ્ય સંગમ સેતુ' અંતર્ગત ફેસબુક પેજ અને યુ ટ્યુબ પર ગુજરાતના જાણીતા સર્જકોની રજૂઆત




ગાંધીનગર, તા. ૨૮
ગુજરાત સાહિત્ય સંગમ, ગાંધીનગર અંતર્ગત ઓનલાઈન 'કાવ્ય સંગમ સેતુ' શિર્ષકથી આપણા જાણીતા ગુજરાતી અને હિન્દીભાષાના કવિઓ અને ગઝલકારો દ્વારા તેમના ઘરેથી તેમની પસંદગીની કવિતા, ગીત અને ગઝલ રચનાઓના વીડિયો બનાવી મોકલવામાં આવ્યા હતા. જે તાજેતરમાં 'ગુજરાત સાહિત્ય સંગમ'ના ફેસબુક પેજ તેમજ યુ ટ્યુબ ઓફિશિયલ ચેનલ પર પ્રસ્તુત કરવામાં આવી રહ્યા છે. જેમાં ગુજરાતના જાણીતા સર્જકોના સ્વમુખે રજૂ થયેલ રચનાને માણી શકાય છે.

લોકડાઉનના સમયમાં સાંપ્રત પરિસ્થિતિ પર આધારિત રચનાઓ સૌ કોઈ માટે આકર્ષણનું કેન્દ્ર બની છે.

આ કાર્યક્રમમાં જાણીતા કવિઓ માધવ રામાનુજ (અમદાવાદ), કિરીટ ગોસ્વામી (જામનગર), રાગીની ત્રિપાઠી (ગાંધીનગર), મયુર પાંડે (વડોદરા), નટવર હેડાઉ (ગાંધીનગર), નરેન્દ્ર જોષી (બોટાદ), ચંદ્રપાલ વર્મા (વડોદરા), પાર્થ ખાચર (બરવાળા), જીજ્ઞેશ વ્યાસ (બોટાદ), વંદના પંચાલ, નઝર સાહબ, પદમા મોટવાણી, પિયુષ ચાવડા (પાટણ), પ્રતાભસિંહ ડાભી (અમદાવાદ), નિશા શિંગલા (અમદાવાદ), હર્ષિદા ત્રિવેદી, દિપક ત્રિવેદી (રાજકોટ), રઘુ રબારી (કોલાપુર), સુમંત શાહ (ગાંધીનગર), રાની ખુશવાલ (ગાંધીધામ કચ્છ), રવજીભાઈ ગાલાણી (બોટાદ), ડૉ. ગુરુદત્ત ઠાકર (અમદાવાદ), આનંદ ગઢવી (બોટાદ), આનંદ પાંડે (મહેસાણા), જીતેનભાઈ, ડૉ. જયદીપ શાહ (અમદાવાદ), મહેશ સોની (કુમાર અમદાવાદી), ભાવિન ગોપાણી, રત્નમ્ ઓઝા, ભાવેશ ભટ્ટ (અમદાવાદ), શૈલેષ પંડ્યા (જામનગર), સંપત્ત લોહાર, યોસેફ મેકવાન, ચંદ્રમોહન તિવારી (અમદાવાદ), તેમજ લલિત કિશોર અગ્રવાલ (ગાંધીનગર) મળી કુલ ૩૫ જેટલા સર્જકોની રચનાઓ આપ માણી શકો છો.

આ સમગ્ર કાર્યક્રમની પરિકલ્પના અને સંકલન ગુજરાત સાહિત્ય સંગમના સચિવ કિરણ હેડાઉ દ્વારા કરવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



કિરીટભાઈ આર પરેરા
સામાજિક કાર્યકર
મો. ૯૯૭૪૭ ૬૭૨૦૨



લીપ્સા રાજેશકુમાર વ્યાસ



ખાંટ રમેશજી શંભુજી



વેદાંશી હેમંતભાઈ દવે
મો. ૯૯૯૮૭ ૨૨૩૪૪



ભાર્ગવ પટેલ



જાની મયુરકુમાર ભાસ્કરભાઈ
રેડક્રોસ



પરમાર હિતેષકુમાર એલ.
રેડક્રોસ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક